ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# નવા ભળેલા વિસ્તારોમાં વિકાસ માટે નાણાં આપવાની જીએમસીની માંગ સામે ઔડાનો નનૈયો

## જીએમસીએ વિકાસના કામોમાં ૩૭૬ કરોડ માંગ્યા : ઔડાએ આ વિસ્તારનો વિકાસ કરવાની કામગીરી કરી ન હોવાની રજુઆત

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર એટલે જ વિવાદ નગરી ? આ નગરમાં ક્યારેક રાજકીય વિવાદ તો ક્યારેક અન્ય વિવાદોથી તે ચર્ચામાં સતત રહે છે. હવે ગાંધીનગર મનપા અને ઔડા વચ્ચે વિકાસના મુદ્દે વિવાદ ઉભો થયો છે.

ઔડામાં સમાવિષ્ટ ગામો જે બે વર્ષથી ગાંધીનગર મનપામાં ભેળવવામાં આવ્યા છે તે ગામોમાં આંતર માળખાકીય સુવિધા અને વિકાસના કામો ઔડા દ્વારા હાથ ન ધરાયા હોવાથી હવે આ ગામોમાં વિકાસના કામો હાથ ધરવા મનપાએ રૂ. ૩૭૬ કરોડની માગંણી ઔડા પાસે કરી છે પરંતુ ઔડાએ નનૈયો ભણતાં આ વિવાદ હવે ઉગ્ર બન્યો છે.

ઔડાના ઝુંડાલ, કોટેશ્વર, ખોરજ, સુઘડ સહિતના વિસ્તારોને ગાંધીનગરની હદમાં ભળ્યા પછી આંતરમાળખાકીય સુવિધાના કામો માટે રૂપિયા કોણ આપશે તેનો વિવાદ છે.

ગાંધીનગર મનપા દ્વારા આ વિસ્તારોમાં કામો શરૂ કરવાનો ઈરાદો દર્શાવી અને ઔડા પાસે આ અંગે રૂ. ૩૭૬ કરોડની માંગણી કરી છે અને તે માટે કમિશનર કક્ષાએથી સીધો પત્રવ્યવહાર ઔડા સાથે કરવામાં આવ્યો હતો. ગાંધીનગરે વહીવટીય દબાણ ઉભી કરતુ ઔડાએ બે વખત આ મુદ્દો તેની બોર્ડ બેઠકમાં ચર્ચા માટે લીધો અને સત્તા ચેરમેનને સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો.

### વિકાસ અટવાયો : વિવાદ વકર્યો

આ વિસ્તારમાં વિકાસના કામો શરૂ થઈ શકતા નથી અને લોકોમાં આક્રોશની લાગણી ઉભી થઈ છે. વિકાસનો મુદ્દો ભાજપના સત્તાધીશો માટે શિરદર્દ બની ઉભરી રહ્યો છે.

આ વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્ક, વૉટર નેટવર્ક, વૉટર સપ્લાય સિસ્ટમ ઉભી કરવી જરૂરી છે. આ માટે અંદાજિત રૂ. ૩૭૬ કરોડની જરૂરિયાત છે જેથી તાકીદે આ રૂપિયા ઔડા દ્વારા આપવામાં આવે તે જરૂરી છે.

ઔડાએ મનપાને જણાવ્યુ છે કે ઔડા દ્વારા કરવામાં આવેલા વિકાસ કામોની કામગીરીની સમીક્ષા કરાશે તે પછી જ આગળનો નિર્ણય કરાશે. છેલ્લા છ માસથી આ વિવાદ ચાલી રહ્યો છે. ઔડાના અધિકારીઓ રૂપિયા આપવા તૈયાર નથી અને મનપાને નાણાં મેળવ્યા સિવાય ચાલે તેવુ નથી તેમજ મનપાની આવકના સ્ત્રોતો પણ મર્યાદિત છે ત્યારે ઔડાએ તેની માંગણી સ્વીકારવી જ જોઈએ તેવી દલીલ છે.

ઔડાના સૂત્રોનું કહેવું છે કે ઔડાના વિસ્તારોમાં આંતરમાળખાકીય પૂર્ણ થાય તે પૂર્વે જ આ વિસ્તારોને ગાંધીનગર મનપામાં ભેળવી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ વિસ્તારોની કેટલીય ટી.પી. સ્કીમોનો તો હજુ અમલ પણ થયો નથી. આ સંજોગોમાં મનપાની આર્થિક સ્થિતિ એટલી મજબુત નથી કે તેઓ આ વિસ્તારોમાં આ પ્રકારના કામો પાર પાડી શકે. ઔડા પણ બેંક લોન લઈ કામ કરી રહી છે ત્યારે આ રૂપિયાનો બોજ કોણ ઉઠાવે તે પણ મોટો પ્રશ્ન છે.

મનપાની ચૂંટાયેલી પાંખ હાલ આ મુદ્દે મૌન છે અને અધિકારી સ્તરે આ વિવાદ ચાલી રહ્યો છે. જો કે આ વિવાદમાં વિકાસ અટવાયો છે. ગ્રામીણ વિસ્તારોમાં શહેરી સુવિધાઓ આપવાની ખાત્રી ચૂંટણીમાં અપાઈ હતી પરંતુ બે વર્ષ થવા આવ્યા પરંતુ સ્થિતિ જૈસે થે હોઈ ફરી એક વખત ગાંધીનગરને મજબૂત, અસરકારક અને સક્ષમ નેતાગીરીનો મુદ્દો ઉભરી આવ્યો છે. વિકાસની વાતો અને વાસ્તવિકતા વચ્ચેનું અંતર વધી રહ્યુ છે એટલુ જ નહિ લોકો પરેશાનીમાં અટવાયા છે.



કાળઝાળ ગરમીના દિવસો સહન કર્યા બાદ આખરે વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. પ્રિ મોન્સુન એક્ટિવીટીના ભાગરૂપે આકાશમાં વાદળોની અવરજવર જોવા મળી હતી. વાદળોની અવરજવર વચ્ચે તડકાનું તેજ થોડુક ઘટ્યુ હતુ અને ગરમીની અસર ઓછી થઈ હતી. ઘણા દિવસો બાદ વાતાવરણ આહલાદક બન્યુ હતુ.

### આગામી ૩૧ મે ના રોજ

# કેન્દ્ર પુરસ્કૃત ૧૩ યોજનાના ગાંધીનગર સહિતના ૬ જિલ્લાના લાભાર્થીઓ સાથે પ્રધાનમંત્રીનો સીધો સંવાદ

## પ્રધાનમંત્રીના સંવાદ કાર્યક્રમને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ આરંભાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સહિત રાજ્યના છ જિલ્લામાં કેન્દ્ર પુરસ્કૃત ૧૩ જેટલી યોજનામાં સૌથી વધુ લાભ યોજનાકીય રીતે મળ્યો હોય તેવા લાભાર્થીઓ સાથે ૩૧મી મે ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સીધો સંવાદ કરશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર, મહેસાણા, પંચમહાલ, જુનાગઢ, સુરત અને કચ્છ જિલ્લાઓની પસંદગી આ સંવાદ માટે કરવામાં આવી છે.

કેન્દ્ર પુરસ્કૃત યોજનાના લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કરી યોજનાના અમલીકરણ અને તેના ફાયદાઓ અંગે સીધો ફિડબેક મેળવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આ અભિગમ અપનાવવામાં આવ્યો છે.

જિલ્લામાં વિવિધ યોજનાઓના અમલીકરણને લઈ કઈ-કઈ મુશ્કેલીઓ સામે આવી રહી છે તેની જાણકારી મેળવવા ઉપરાંત યોજનાના અમલીકરણ પછી તેમના જીવનમાં આવેલ બદલાવની હકીકતોનું સાચુ ચિત્ર મળશે જેથી તેઓ તેના સરળીકરણ માટે તંત્રને અસરકારક માર્ગદર્શન આપી શકે તે હેતુ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જે ૧૩ યોજનાઓ પસંદ કરવામાં આવી છે તેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી કિસાન સન્માનિ નિધિ, પ્રધાનમંત્રી ઉજવલ્લા યોજના, પોષણ અભિયાન, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, સ્વચ્છ ભારત મિશન, જળ જીવન મિશન અને અમૃત પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના, વન નેશન વન રેશન કાર્ડ, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, આયુષ્યમાન ભારત પી.એમ. જન આરોગ્ય, આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તેમજ પ્રધાનમંત્રી મુદ્રા યોજનાનો સમાવેશ થાય છે.

સંવાદના આ કાર્યક્રમમાં આરોગ્ય સેવાઓ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે જેથી આગામી દિવસોમાં આરોગ્ય સેવાઓના સઘનીકરણનો રોડ મેપ તૈયાર કરવામાં સરકારને સરળતા પ્રાપ્ત થશે. ગ્રામીણ વિસ્તારોમાં વન નેશન વન રેશન કાર્ડ યોજનાના અમલમાં કેવી તકલીફો પડી રહી છે તેમજ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનામાં અનાજ પુરતુ મળે છે કે નહિ તે જાણવાનો સીધો પ્રયાસ પ્રધાનમંત્રી દ્વારા કરવામાં આવશે.

પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાથી પાથરણા અને નાના દુકાનદારોમાં શું તફાવત થયો તે પણ જાણી શકાશે.

મોટાભાગની યોજનાઓ લોકોના જન જીવનને સીધી સ્પર્શતી હોવાથી તંત્ર હવે અમલીકરણને લઈ વધુ આગ્રહી બનશે.

જો કે હાલ તો તંત્ર આ યોજનાના એવા લાભાર્થીઓને શોધી રહ્યુ છે કે જે પ્રધાનમંત્રી સાથે સીધી વાત કરી શકે તેમજ તેમની સમક્ષ સાચુ ચિત્ર યોજનાના લાભાલાભ અંગે કહી શકે.

# રાજ્યમાં કોરોનાના નવા માત્ર ૧૫ કેસ : ૨૬ દર્દી સાજા થયા

ગાંધીનગર, તા.૨૨

રાજ્યમાં કોરોનાના નવા ૧૫ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૬ દર્દીઓ સાજા પણ થઈ ચુક્યાં છે.

અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૭૭૬ દર્દી કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૯ ટકા સુધી પહોંચી ચુક્યો છે. બીજી તરફ કોરોનાના રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કોરોનાના કુલ ૫,૧૭,૫૦૭ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૮૮ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૩ નાગરિક વેન્ટિલેટર પર છે. અન્ય તમામ ૧૮૫ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે કુલ ૧૨,૧૩,૭૭૬ નાગરિકો કોરોનાને હરાવી ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦,૯૪૪ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું. વડોદરા કોર્પોરેશનમાં ૯, અમદાવાદ કોર્પોરેશન ૫ અને વલસાડમાં ૧ કેસ નોંધાયો છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૫૫૬૦ નાગરિકોને રસીનો પ્રથમ અને ૧૪૮૬૬૩ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો.

૧૫-૧૭ વર્ષના નાગરિકો પૈકી ૧૮૭૪ ને રસીનો પ્રથમ અને ૩૭૯૫૫ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો.

# કોરોના વેક્સિનેશન મહા અભિયાનને નબળો પ્રતિસાદ

## આ નબળા પ્રતિસાદે તંત્રની ચિંતા વધારી છે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના વેક્સિનેશનના મહા અભિયાનને આજે નબળો પ્રતિસાદ સાંપડ્યો છે. આ નબળા પ્રતિસાદે તંત્રની ચિંતા વધારી છે.

એક તરફ કોરોનાની ચોથી લ્હેર આવી રહ્યાનો ભય છે લોકો વેક્સિનેશન અને કોરોનાની ગાઈડલાઈનના પાલન માટે બેફિકરા બન્યા છે તેમજ છુટા છવાયા કેસો જે રીતે સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વેક્સિનેશન અભિયાન માટે ૧૦૬ જેટલા કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા હતા જેમાં માત્ર ૬૧૧૮ લાભાર્થી નોંધાયા છે જેમણે આજે વેક્સિનેશન કરાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં ૫૦ થી વધુ કેન્દ્રો મનપા દ્વારા નિયત કરવામાં આવ્યા હતા અને શહેરમાં ૧૧૨૨ લોકોએ જ વેક્સિનેશનનો લાભ લીધો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહમાં માત્ર ૧૭,૫૬૦ લોકોએ વેક્સિનેશન કરાવ્યુ છે.

૧૨ થી ૧૪ વર્ષની વયજૂથમાં ગ્રામ્ય વિસ્તારમાં ૯૦ ટકા જેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં ફર્સ્ટ ડોઝ સેકન્ડ ડોઝ અને પ્રિકોર્શન ડોઝમાં અત્યાર સુધીમાં ૮૮.૬૬ ટકા લોકોને આવરી લેવાયા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં પણ ૧૨ થી ૧૪ વર્ષની વયજૂથમાં ઓછી કામગીરી થઈ છે. પ્રિકોશન ડોઝ લેવામાં પણ લોકો ઉદાસીનતા દાખવી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક સપ્તાહમાં કોરોનાના વીસથી વધુ કેસ નોંધાયા છે ત્યારે વેક્સિનેશનમાં લોકોનો મોળો પ્રતિસાદ હોવાથી તંત્રની ચિંતા વધી છે.

# ગ્રીષ્મોત્સવના સમાપને જાણીતા ગાયક પદ્મશ્રી કૈલાશ ખેરે ગાંધીનગરવાસીઓને ડોલાવ્યા

## વિપરીત પરિસ્થિતિઓમાં પણ હંમેશા 'મજામાં' રહેવાનો ગુજરાતીઓનો સ્વભાવ અને બેહદ પસંદ છે : પદ્મશ્રી કૈલાશ ખેર








ગાંધીનગર,

ગાંધીનગરની ગરમીમાં ગાંધીનગરાઓની ભીતરમાં ભીનાશ રેલાવનાર 'ગ્રીષ્મોત્સવ'ના અંતિમ દિવસે ભારતના સુપ્રસિદ્ધ ગાયક કલાકાર પદ્મશ્રી કૈલાશ ખેર અને તેમના કૈલાસા બેન્ડે ગાંધીનગરવાસીઓને રીતસર ડોલાવ્યા હતા. સતત બે કલાકથી વધારે સમય સુધી પદ્મશ્રી કૈલાશ ખેરે લોકપ્રિય ગીતોની નોનસ્ટોપ પ્રસ્તુતિ કરીને ગાંધીનગરાઓને તરબતર કરી દીધા હતા.

પદ્મશ્રી કૈલાશ ખેરે ગાંધીનગર કલ્ચરલ ફોરમના મંચ પરથી બોલતાં જણાવ્યું હતું કે, ગુજરાતીઓ હંમેશા 'મજામાં' હોય છે. મને ગુજરાતીઓની આ લાક્ષણિકતા ખૂબ જ સ્પર્શે છે. ગમે તેટલી વિપદા અને વિપરીત પરિસ્થિતિમાં પણ કોઈ ગુજરાતીને પૂછો કે કેમ છે..? તો તે કહેશે, 'મજામાં'. મજામાં રહેવાના ગુજરાતીઓના આ સ્વભાવને કારણે, એક ગુજરાતીને કારણે આજે આખું ભારત 'મજામાં' છે.



જાણીતા પ્લેબેક સિંગર-મ્યુઝિક કમ્પોઝર પદ્મશ્રી કૈલાશ ખેર વર્સેટાઈલ સિંગર છે. ગઝલ, સુફી સંગીત, કવાલી, લોકગીત કે ભક્તિગીત; કોઈપણ ક્ષેત્રે તેમનું પરફોર્મન્સ શ્રેષ્ઠ રહ્યું છે. તેમણે અત્યાર સુધીમાં ૨૦થી વધુ ભાષાઓમાં ગીતો ગાયાં છે. ૧૫૦૦થી વધારે ફિલ્મી ગીતો ગાયાં છે અને એક હજારથી વધુ રેડિયો જિંગલમાં તેમણે પોતાનો સ્વર આપ્યો છે. વર્ષ ૨૦૧૭ માં ભારત સરકારે તેમને પદ્મશ્રી પુરસ્કારથી નવાજ્યા છે.

પદ્મશ્રી કૈલાશ ખેરના પિતાજી પંડિત મહેર સિંગ પણ લોકગાયક હતા. પદ્મશ્રી કૈલાશ ખેરના અવાજમાં પિતાજી પંડિત મહેર સિંગ ખેરના લોકગીતોની ગળથૂથી છે. પંડિત ગોકુલોત્સવજી મહારાજ, પંડિત કુમાર ગાંધર્વ અને પંડિત ભીમસેન જોશીના શાસ્ત્રીય સ્વરો જેવી સજ્જતા છે. નુસરત ફતેહ અલી ખાનના સૂફી સંગીતની મીઠાશ છે તો હૃદયનાથ મંગેશકર અને લતા મંગેશકર જેવા સ્વરો સરીખી કુમાર છે કુમાશ છે. આવા ગાયક પદ્મશ્રી કૈલાશ ખેરે પોતાના પાવરફુલ પરફોર્મન્સથી ગાંધીનગરવાસીઓને ડોલાવ્યા હતા.

પદ્મશ્રી કૈલાશ ખેરે પોતાની સિગ્નેચર સ્ટાઈલમાં અને એક હાથમાં ડમરુ સાથે ભગવાન શિવ નટરાજની મુદ્રામાં નર્તન કરીને ગીતો રજૂ કર્યા ત્યારે ગાંધીનગરવાસીઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા તેમના ધર્મપત્ની અને જાણીતા અભિનેત્રી શ્રીમતી રોમા માણેક મકવાણા તથા ગાંધીનગરના નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આ વર્ષે અડધો-અડધ મે મહિનો હીટવેવ રહ્યો

## ગત વર્ષે આજ સમયગાળામાં તાઉતે વાવાઝોડાના કારણે આખો મે મહિનામાં ઠંડક રહી હતી

ગાંધીનગર, તા. ૨૨

ગયા વર્ષ કરતા આ વર્ષે મે મહિનામાં ગરમીનો પ્રકોપ ખૂબ રહ્યો છે. આકરી ગરમી પડતા લગભગ અડધો અડધ મે મહિનો હીટવેવની અસર રહી હતી અને પારો ૪૧ ડિગ્રીથી વધુ નોંધાયો હતો. ગયા વર્ષે આ જ ગાળામાં તાઉતે વાવાઝોડાના કારણે ગરમીની અસર ઘણી ઓછી રહી હતી.

મે મહિનો ગાંધીનગરાઓને ખુબ આકરો લાગી રહ્યો છે. શહેરમાં હજુ સુધી પ્રિ મોન્સુન એક્ટીવીટી શરૂ ન થતા કાળઝાળ ગરમીનો સામનો વસાહતીઓને કરવો પડી રહ્યો છે. મે મહિનાના પ્રારંભથી જ આકરી ગરમી પડી રહી છે. મે મહિનાના પ્રારંભે જ હીટવેવ રહેતા મહત્તમ તાપમાન ૪૨.૩ ડિ.સે. નોંધાયુ હતુ. ત્યારબાદ ગત તા. ૭મી મે થી છેક ૧૭મી મે સુધી મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીથી વધુ જ રહ્યુ હતુ જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રીથી વધુ રહ્યુ હતુ. સતત બે અઠવાડિયા સુધી હીટવેવ ચાલતા વસાહતીઓ આકરી ગરમીમાં પરેશાન રહ્યા હતા. ૧૧ થી ૧૩ મી મે દરમ્યાન તો પારો ૪૪ થી ૪૫ ડિગ્રીની વચ્ચે રહેતા વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. આ ઉપરાંત ૨૦ અને ૨૧ મે દરમ્યાન પણ પારો ૪૩ ડિગ્રીએ પહોંચ્યો હતો. મે મહિનાના સોળ દિવસ એવા રહ્યા હતા જ્યારે પારો ૪૧ ડિગ્રીથી વધુ રહ્યો હોય.

જ્યારે ગયા વર્ષે આ જ ગાળામાં ગરમીથી રાહત હતી. એમ કહી શકાય કે લગભગ આખો મે મહિનો ગરમી ૪૧ ડિગ્રીની આસપાસ રહી હતી. અડધા મે મહિના બાદ તાઉતેની અસર હેઠળ તો ગરમી જાણે ભુલાઈ જ ગઈ હતી. ૧૭મી મે પછી લગભગ આખો મે મહિનો મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી ઓછુ રહ્યુ હતુ, અને લઘુત્તમ તાપમાન ૨૭-૨૮ ડિગ્રીની આસપાસ ફરતુ રહ્યુ હતુ.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com